# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'B++' grade

सत्यम् ज्ञानम् अनन्तम्

## ઈ–દક્ષિણાયન

**Dakshinayan e-Newsletter**

For Private Circulation Only





Vol. 16, Issue. 278, November 2025


પ્રિય વાચક મિત્રો,

જનજાતિ સમાજ શતકોથી વનમાં રહેતો આવ્યો છે. વનસંરક્ષક હોવાની સાથે–સાથે તેઓ દેશના વિભિન્ન રાજયોમાં શાસનકર્તા પણ હતા. ભારતમાતાના આ મહાન સપૂતો સામાજિક જીવન મૂલ્યોના સંરક્ષક અને ભારતની પ્રાચીન સંસ્કૃતિના વાહકો હતા. નગરીય અને ગ્રામીણ સમાજ એકરસ જીવન જીવતા હતા. જંગલની ભૂમિ પર વ્યક્તિગત અથવા કોઈ એક જૂથની ભાગીદારી ન રહેતાં પૂર્ણ પારિવારિક ભાવ જોવા મળતો હતો. જમીનના માલિક તેઓ પોતે હતા અને વનોના રક્ષક હતા. તે સમયે મુંડા જનજાતિના લોકો ભગવાન સૂર્યનારાયણ અને દેવીના ઉપાસક હતા. શિવને મહાદેવ બોંગા અને માતા પાર્વતીને ચંડી બોગાના નામથી ભક્તિ સાથે પૂજા–પાઠ કરતા. તદ્ઉપરાંત ભક્તિ આંદોલનના સમયમાં શ્રી ચૈતન્ય મહાપ્રભુજીનો વનવાસી વિસ્તારમાં વ્યાપક પ્રવાસ થયો હોવાથી મુંડા સમાજમાં વૈષ્ણવ મતનો ઊંડો પ્રભાવ જોવા મળતો. આથી જ શ્રીરામ અને શ્રીકૃષ્ણને કેન્દ્રમાં રાખી મુંડારી ભાષામાં અનેક ભક્તિગીતો ખૂબ પ્રેમથી ગાતાં હતા. દશેરા, દિવાળી, હોળી અને મહાશિવરાત્રી જેવા પવિત્ર તહેવારો મુંડા સમાજ અત્યંત ભક્તિભાવ અને ધામધૂમથી ઉજવતો. આથી જ જનજાતિ સમાજ એ આપણી પ્રાચીન પરંપરાનું અભિન્ન અંગ હોય તેમાં કશું જ નવાઈ જેવુ નથી.

ભગવાન બિરસાએ સ્વરાજ, અહિંસા, અસહકારની જે કાર્યપદ્ધતિ અપનાવી તે વીસમી સદીમાં ભારતની સ્વતંત્રતા આંદોલનનો આધાર હતી. સરદારી લડાઈમાં તેઓ સહભાગી થયા. પરંતુ અન્ય સરદારોની જેમ તેમની ધારણા જમીન મેળવવા પૂરતી સીમિત ન હતી. આ સમયગાળામાં દેશમાં અંગ્રેજો સામે બિરસાએ જરૂર પડે શસ્ત્રોનો ઉપયોગ પણ કર્યો. પરંતુ તેનો ઉદ્દેશ્ય હિંસા નહી પણ અંગ્રેજોના મનમાં ડર અને ધાક બેસાડવાનો હતો. માત્ર ૨૫ વર્ષની અલ્પાયુમાં બિરસા મુંડાએ ધર્મ, સંસ્કૃતિ અને દેશની સ્વતંત્રતા માટે અદ્ભુત કામ કર્યુ.

બિરસામાં ધર્મ અને અધ્યાત્મનો ઊંડો અભ્યાસ કરવાની જિજ્ઞાસા હતી. તેઓ એક યોગ્ય ગુરુની શોધમાં હતા. ઈ.સ. ૧૮૯૧માં બિરસાની મુલાકાત આનંદ પાંડે સાથે થઈ. તેમણે હિન્દુધર્મના વેદ–પુરાણો, ઉપનિષદો, રામાયણ, મહાભારત, ગીતા જેવા અનેક પવિત્ર ધર્મગ્રંથોનો ગહન અભ્યાસ કર્યો હતો. આનંદ પાંડેથી પ્રભાવિત થઈને બિરસાએ તેમને પોતાના ગુરુ બનાવ્યા. તેમની પાસેથી વેદ–પુરાણો, ઉપનિષદો, રામાયણ, મહાભારત, ગીતા જેવા અનેક ધર્મગ્રંથોનું જ્ઞાન પ્રાપ્ત કર્યુ અને આત્મજ્ઞાન માટે ચાર વર્ષ વિશેષ સાધના પણ કરી. જયારે બિરસાએ પોતાના ગુરુ આનંદ પાંડેને પોતાના બાપ્તિસ્મા વિષે વાત કરી અને ફરીથી હિન્દુ બનવાની વિધિ પૂછી ત્યારે આનંદ પાંડેએ જણાવ્યું કે, તમે હિન્દુધર્મ મુજબ જીવન જીવો એજ વિધિ છે, અન્ય કોઈ વિધિ કરવાની આવશ્યકતા નથી, ત્યાર પછી બિરસા કપાળે ચંદનનું તિલક કરતા, શરીરે જનોઈ પહેરતા, પીળા વસ્ત્રો અને પગમાં પાદુકા ધારણ કરવા લાગ્યા. આમ ખ્રિસ્તી પંથ છોડીને ફરી હિન્દુધર્મના રીતિરિવાજો મુજબ જીવન જીવવા લાગ્યા. હવે લોકો તેમને 'મહાત્મા બિરસા' તરીકે ઓળખવા લાગ્યા.

ભારત સરકારે બિરસા મુંડાના જન્મદિવસ ૧૫ નવેમ્બરને જનજાતિ ગૌરવ દિવસ ઘોષિત કરીને ભગવાન બિરસા મુંડા જેવા અનેક જનજાતિ વીરોનું યથોચિત સન્માન કર્યું છે. સમગ્ર રીતે નાની આયુમાં આપણા હિન્દુધર્મ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા, ઉત્તમ પ્રેમ તેમજ સંઘર્ષ કરવાની તીવ્રતા બિરસાને જન્મજાત દેશભક્ત તરીકેની આગવી ઓળખ આપે છે. ભગવાન બિરસાના ૨૫ વર્ષનો ટૂંકો જીવનકાળ આવનારી પેઢીઓને એક મહાન ધર્મયોદ્ધા, સમાજસેવક અને ક્રાંતિકારી યુગપૂરુષ રૂપે પ્રેરણા આપતો રહેશે. ભગવાન બિરસા મુંડાનું જીવન ફક્ત જનજાતિ ભાઈઓ માટે જ નહી પણ સમગ્ર ભરતીયસમાજ માટે ગૌરવપ્રદ છે.

બિરસા મડાના નેતૃત્વ હેઠળ શરૂ થયેલું આંદોલન 'ઉલ્ગુલાન', એટલે કે મહાવિદ્રોહ તરીકે ઓળખાય છે. આ આંદોલન અંગ્રેજ શાસન, જમીન કબજા, બળજબરીથી કરાતા ધર્માંતરણ અને સામાજિક શોષણ સામે હતું. ઉલ્ગુલાન માત્ર રાજકીય આંદોલન નહોતું, પરંતુ તે આદિવાસી સમાજની ચેતનાનું પ્રતીક હતું. ભગવાન બિરસા મુંડાની વિચારધારા સમયથી ઘણી આગળ હતી. તેમણે સ્વરાજ, અહિંસા અને અસહકાર જેવી પદ્ધતિઓ અપનાવી, જે આગળ જઈને વીસમી સદીના ભારતીય સ્વતંત્રતા આંદોલનનો આધાર બની. આથી કહી શકાય કે બિરસા મુંડા માત્ર આદિવાસી નેતા જ નહી, પરંતુ રાષ્ટ્રીય સ્વતંત્રતા ચળવળના પ્રેરક વિચારક પણ હતા. બિરસા મુંડામાં ધર્મ અને અધ્યાત્મ પ્રત્યે ઊંડો રસ હતો. તેમણે વેદ, પુરાણો, ઉપનિષદો, રામાયણ, મહાભારત અને ભગવદ્ ગીતા જેવા ગ્રંથોનો અભ્યાસ કર્યો. હિન્દુધર્મના મૂલ્યોને પોતાના જીવનમાં ઉતારીને તેઓ સાદગી, શિસ્ત અને સેવા ભાવનું જીવન જીવતા. આ કારણે લોકો તેમને મહાત્મા બિરસા તરીકે ઓળખવા લાગ્યા. માત્ર ૨૫ વર્ષની અલ્પ આયુમાં ભગવાન બિરસા મુડાએ જે કાર્ય કર્યું, તે અસાધારણ છે. તેમણે ધર્મ, સંસ્કૃતિ, સમાજ સુધારણા અને સ્વતંત્રતાના ક્ષેત્રે અવિસ્મરણીય યોગદાન આપ્યું. તેમનું જીવન દર્શાવે છે કે ઉંમર નહી પરંતુ વિચાર અને સંકલ્પ મહાનતા નક્કી કરે છે.

તા. ૧ ડિસેમ્બર, ૨૦૨૫ (ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)

કુલપતિશ્રી

## વિશ્વવિદ્યાલય સમાચાર

### સામુહિક ગાન, સ્વદેશી શપથ અને રક્તદાન શિબિર

"વંદે માતરમ" ગીતની રચનાને ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે તેમજ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલજીની ૧૫૦મી જન્મજયંતીની સંયુકત ઉજવણી ભાગરૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા તા. ૦૭/૧૧/૨૦૨૫ના રોજ સવારે ૦૯:૩૦ કલાકે કન્વેન્શન હોલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે રાષ્ટ્રગીત "વંદે માતરમ"ના મૂળ સ્વરૂપનું સમૂહગાન, "સ્વદેશી શપથ" અને "રકતદાન" કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.




આ ઐતિહાસિક અને પ્રેરણાદાયી પ્રસંગે યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, એન.એસ.એસ.વિભાગના સંયોજકશ્રી ડૉ. શ્રીધર નિમાવત, સહ–સંયોજકશ્રી ડૉ. મોસમ ત્રિવેદી તથા યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઇન્ચાર્જ નિયામકશ્રી ડૉ. યોગેશ વાંશીયા તેમજ કેમ્પસના વિવિધ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ, શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓ તેમજ વહીવટી વિભાગના વડાશ્રીઓ અને બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓ કર્મચારીશ્રીઓએ પણ ઉત્સાહભેર હાજરી આપી હતી. કાર્યક્રમમાં સૌએ ભકિતભાવ સાથે સમૂહગાન દ્વારા વંદે માતરમનું મૂળ સ્વરૂપ ગાયું અને ત્યારબાદ રાષ્ટ્રપ્રેમ તથા આત્મનિર્ભરતાની ભાવના પ્રગટ કરતી સ્વદેશી શપથ "પર્યાવરણ પ્રત્યે સજાગ રહીને સ્વદેશી અને પ્રકૃતિને અનુકૂળ તેવા ઉત્પાદનોનો ઉપયોગ કરવા અને દેશના પર્યટન સ્થળોને પ્રાથમિકતા આપવા" બાબતની શપથ લીધી હતી. સૌએ એકસ્વરે ગ્રહણ કરી હતી. વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબે પ્રેરણાદાયી આર્શીવચનમાં જણાવ્યું હતું કે, 'રાષ્ટ્રગૌરવ અને સ્વદેશી ભાવના એ આપણા વ્યકિતત્વની સજીવ શકિત છે. આજે લેવાયેલો આ સંકલ્પ માત્ર શબ્દો નહિં પરંતુ રાષ્ટ્રસેવાના માર્ગે આગળ વધવાની પ્રેરણાદાયી શરૂઆત છે.' કાર્યક્રમનું સમાપન દેશભક્તિની ભાવનાથી ભરપૂર વાતાવરણમાં થયો હતો.







કાર્યક્રમના અંતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ફિઝીકસ વિભાગના વડાશ્રી ડૉ. આઈ.બી. પટેલ, ઍજ્યુકેશન વિભાગના વડાશ્રી ડૉ. રાજેન્દ્રભાઈ પટેલ, ફાઈન આર્ટ્સ વિભાગના કૉ–ઑર્ડિનેટરશ્રી ડૉ. અંકિત ચાંગાવાલા, કેમેસ્ટ્રી વિભાગના પ્રાધ્યાપકશ્રી ડૉ. પરેશ પારેખ તેમજ કેમ્પસના વિવિધ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, વિદ્યાર્થીઓ, શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓ અને વહીવટી વિભાગના વડાશ્રીઓએ સરદાર વલ્લભભાઈ પટેલ બલ્ડ બેંકમાં કુલ ૨૯ યુનિટ રક્તદાન કરીને માનવ સેવા અને રાષ્ટ્રીય કર્તવ્યની ભાવનાને ઉજાગર કરી હતી. તેમના આ પરોપકારી સહકારથી કાર્યક્રમ વધુ સફળ અને અર્થપૂર્ણ બન્યો હતો.







## લોહપુરુષ સરદાર પટેલજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે રક્તદાન શિબિરનું આયોજન

લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલજીની ૧૫૦મી જન્મજયંતીની સંયુકત ઉજવણીના ભાગરૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના કન્વેન્શન હોલ ખાતે તા. ૦૭/૧૧/૨૦૨૫ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ બ્લડ બેંકને કુલ ૨૯ યુનિટ રક્તદાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ફિઝીકસ વિભાગના વડા ડૉ. આઈ.બી.પટેલ, ઍજ્યુકેશન વિભાગના વડા ડૉ. રાજેન્દ્રભાઈ પટેલ, ફાઈન આર્ટ્સ વિભાગના કૉ–ઑર્ડિનેટરશ્રી ડૉ. અંકિત ચાંગાવાલા, કેમેસ્ટ્રી વિભાગના પ્રાધ્યાપકશ્રી ડૉ. પરેશ પારેખ તેમજ કેમ્પસના વિવિધ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, વિદ્યાર્થીઓ, શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓ અને વહીવટી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દ્વારા માનવ સેવા, પરોપકાર અને રાષ્ટ્રીય કર્તવ્યની ભાવનાને ઉજાગર કરવામાં આવી હતી. સૌના ઉત્સાહભેર સહભાગથી આ કાર્યક્રમ સફળ અને અર્થપૂર્ણ બન્યો હતો. શિબિર દરમ્યાન સરદાર વલ્લભભાઈ પટેલ બ્લડ બેંકની ટીમે રક્તદાતાઓની ચકાસણી માર્ગદર્શન તથા પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી દ્વારા રકતદાતાઓને શુભેચ્છાઓ પાઠવી હતી અને આવનારા સમયમાં પણ આવા માનવહિતના કાર્યક્રમોમાં સક્રિય ભાગ લેવા માટે પ્રેરણા આપી હતી.














## ગુજરાત રાજ્ય રોલર સ્કેટિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૫માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની વિદ્યાર્થીની મિષ્ટી શુક્લાનો ગૌરવપૂર્ણ વિજય



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતની બાયોટેક્નૉલૉજી વિભાગની સેમેસ્ટર-૩ની વિદ્યાર્થીની મિષ્ટી શુક્લાએ ૬ થી ૧૦ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન ડી.પી.એસ., બોપલ, અમદાવાદ ખાતે યોજાયેલી ગુજરાત સ્ટેટ રોલર સ્કેટિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૫માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને વિજય હાંસલ કર્યો છે. મિષ્ટી શુક્લાએ વિવિધ કેટેગરીઝમાં શ્રેષ્ઠ પ્રતિભાવ આપી નીચે મુજબના મેડલ્સ મેળવ્યા છે.

- સુવર્ણ (ગોલ્ડ) – રિંક રેસ (૨૦૦ મીટર) – ગુજરાતમાં પ્રથમ સ્થાન
- સુવર્ણ (ગોલ્ડ) – રિંક રેસ (૫૦૦ મીટર) – ગુજરાતમાં પ્રથમ સ્થાન
- રજત (સિલ્વર) – રિંક રેસ (૧૦૦૦ મીટર) – ગુજરાતમાં બીજું સ્થાન
- સુવર્ણ (ગોલ્ડ) – રિંક રેસ (૧૦૦ મીટર) – ગુજરાતમાં પ્રથમ સ્થાન

આ નોંધપાત્ર સિદ્ધિ સાથે મિષ્ટી શુક્લા હવે રાષ્ટ્રીય રોલર સ્કેટિંગ ચેમ્પિયનશિપમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે. મિષ્ટીની આ સફળતા તેમના કોચ સાબુ સર, દવે સર, ઈરફાન સર તથા ખુશી મેડમના પ્રેરક માર્ગદર્શન, સમર્પણ અને સતત મહેનતનું ફળ છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબએ મિષ્ટી શુક્લાને હાર્દિક અભિનંદન પાઠવતાં જણાવ્યું કે, – "યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ વિવિધ ક્ષેત્રોમાં પ્રદર્શન કરી રહ્યા છે, જે યુવા શક્તિના સર્વાંગી વિકાસ અને ગૌરવનો પ્રતીક છે." આ વિજયથી સમગ્ર યુનિવર્સિટી અને બાયોટેક્નૉલૉજી વિભાગમાં આનંદ અને ગૌરવનો માહોલ છવાઈ ગયો હતો.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે 'આત્મહત્યા નિવારણ તાલીમ કાર્યક્રમ'નું આયોજન






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગના કૉ-ઓર્ડિનેટર ડૉ. પ્રીતિબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ તા. ૧૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગ દ્વારા "માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા નિવારણ" વિષય પર તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે શ્રી વિરાંગ ભટ્ટ અને શ્રીમતી ઊર્મિન દેસાઈએ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીઓ તથા વિભાગીય વડાશ્રીઓને આત્મહત્યા નિવારણ બાબતે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે આત્મહત્યા એક ગુનો છે, આત્મહત્યાના વિચારો આવતા હોય એવી વ્યક્તિને કેવી રીતે ઓળખવી તેમજ તેમની સાથે કેવી રીતે વ્યવહાર કરવો તે અંગે વિગતવાર સમજ આપી હતી.

કાર્યક્રમ દરમ્યાન ડૉ. પ્રીતિબેન ચોધરીએ મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવતા માનસિક સ્વાસ્થ્ય સંબંધિત સહાયના ઉપાયો, NTF સંબંધિત માહિતી અને વિભાગનો હેલ્પલાઈન નંબર ૬૩૫૭૩૨૨૯૩૯ અને ટેલી માનસ આત્મહત્યા નિવારણ નંબર ૧૪૪૧૬ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

સમગ્ર તાલીમનું સંચાલન મનોવૈજ્ઞાનિક સાલહકાર ઉલ્કા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં માનનીય કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા, ડૉ. પ્રીતિબેન ચૌધરી, શ્રીમતી ઊર્મિન દેસાઈ, શ્રીમતી ઉલ્કા પટેલ અને શ્રી દર્શન પરમાર ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમમાં યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીઓ તથા વિભાગીય વડાશ્રીઓ એમ કુલ ૧૦૬ શ્રોતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે 'જન–જાતીય ગૌરવ વર્ષ' મહોત્વસ હેઠળ ચિત્ર અનાવરણ અને ગૌરવ યાત્રાનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અને ભગવાન બિરસા મુંડા ચેરના સંયુકત ઉપક્રમે મહાન સ્વતંત્રતા સેનાની તેમજ જનનાયક ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે ઉજવાઈ રહેલા 'જન જાતિય ગૌરવ વર્ષ' અંતર્ગત તા. ૧૫/૧૧/૨૦૨૫ના રોજ વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગ, સમાજ વિજ્ઞાન ભવન ખાતે 'ભગવાન બિરસા મુંડાજીના ચિત્ર'ના અનાવરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સમાજ વિજ્ઞાનભવનથી વહીવટી ભવન થઈને પરત સમાજ વિજ્ઞાનભવન સુધી 'જન–જાતીય ગૌરવ યાત્રા'નું ભવ્ય આયોજન થયું હતું.

આ પ્રસંગે વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, ઇ.ચા.કુલસચિવશ્રી ડૉ. નરેન્દ્ર પટેલ, ભગવાન બિરસા મુંડા ચેરના ચેરપર્સન ડૉ. જયદીપ ચૌધરી, સેન્ટર ફોર ટ્રાયબલ સ્ટડીઝ, ટ્રાઈબલ મ્યુઝિયમ, ભગવાન બિરસમુંડા ચેરના નોડલ ઓફિસર ડૉ. મનીષ પટેલ, બોર્ડ ઓફ મેનેજમેન્ટ સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને વધુ ઉજ્જવળ બનાવતા વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા આદિવાસી નૃત્યની મનોહર પ્રસ્તુતિ કરવામાં આવ્યું હતું. યાત્રા દરમિયાન પણ વિદ્યાર્થીઓએ પરંપરાગત આદિવાસી લોકનૃત્ય રજૂ કરીને આદિવાસી સમાજની સંસ્કૃતિ, પરંપરા અને લોકકલા પ્રત્યે ગૌરવભાવ ઉજાગર કર્યો હતો. આ નૃત્યપ્રસ્તૃતિઓ દ્વારા ભાગ લેનારોએ આદિવાસી જીવનશૈલી, સંગીત અને પરંપરાગત વારસાની ઝાંખી મેળવી હતી. કાર્યક્રમ દરમિયાન ભગવાન બિરસાં મુંડાજીના સંઘર્ષમય જીવન, બ્રિટિશ શાસન વિરુદ્ધના તેમના બળવામાં યોગદાન અને આદિવાસી સમાજમાં સામાજિક સમરસતા તથા સ્વાભિમાનની ભાવના જગાડવામાંની તેમની ભૂમિકા વિષે વિચારો વ્યકત કર્યા હતા.

કુલપતિશ્રી ડૉ. કિશરસિંહ ચાવડા સાહેબએ જણાવ્યું કેઃ ભગવાન બિરસા મુંડા માત્ર આદિવાસી સમાનજના આદર્શ યોદ્ધા જ નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્ર માટે પ્રેરણાસ્ત્રોત છે. તેમની જન્મજયંતિ પર યોજાયેલા આવા કાર્યક્રમો યુવાનોમાં સંસ્કૃતિ, સમાનતા અને રાષ્ટ્રગૌરવની ભાવનાઓ વિકસાવે છે."













## યુનિવર્સિટીના વિવિધ કેન્દ્ર ખાતે GSET પરીક્ષાનું સુવ્યવસ્થિત આયોજન

ગુજરાત સરકાર દ્વારા વિવિધ કૉલેજોમાં આસિસ્ટન્ટ પ્રોફેસરની ભરતી માટે લેવાતી GSET (Gujarat State Eligibility Test) પરીક્ષા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતને અધિકૃત સેન્ટર તરીકે ફાળવવામાં આવ્યું હતું. વિશ્વવિદ્યાલયે સુરતમાં આવેલી ચાર પરીક્ષા કેન્દ્રો S.D. Jain College, C.B.Patel Computer & J.N.M. Science College, D.R.B. Commerce College અને Agarwal Commerce College, Vesu ખાતે પરીક્ષાનું સુવ્યવસ્થિત આયોજન કર્યું હતું.

તા. ૧૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાયેલી GSET પરીક્ષામાં કુલ ૬૮૫૪ ઉમેદવારો નોંધાયા હતા, જેમાંથી ૫૬૫૬ ઉમેદવારો પરીક્ષા આપવા હાજર રહ્યા હતા. આમ, કુલ ૮૨.૫૨ % હાજરી નોંધાઈ હતી.

પરીક્ષા કેન્દ્ર S.D. Jain કૉલેજ ખાતે ટોટલ ૧૨૨૪ વિદ્યાર્થી માંથી ૯૯૧ વિદ્યાર્થી હાજર રહ્યા હતા, જ્યારે ૨૩૩ વિદ્યાર્થી ગેરહાજર નોંધાયા હતા.

C.B.Patel Computer & J.N.M. Science College ખાતે ટોટલ ૨૧૮૪ વિદ્યાર્થી માંથી ૧૮૫૮ વિદ્યાર્થી હાજર રહ્યા હતા, જ્યારે ૩૨૬ વિદ્યાર્થી ગેરહાજર નોંધાયા હતા. DRB Commerce College ખાતે ટોટલ ૧૨૭૨ વિદ્યાર્થી માંથી ૧૦૯૦ વિદ્યાર્થી હાજર રહ્યા હતા, જ્યારે ૧૮૨ વિદ્યાર્થી ગેરહાજર નોંધાયા હતા. તેમજ Agarwal Commerce College, Vesu ખાતે ૨૧૭૪ વિદ્યાર્થી માંથી ૧૭૧૭ વિદ્યાર્થી હાજર રહ્યા હતા, જ્યારે ૪૯૭ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા.

પરીક્ષાને સફળ બનાવવા માટે યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. આઈ.બી. પટેલ અને રસાયણશાસ્ત્ર વિભાગના પ્રોફેસરશ્રી ડૉ. પરેશ પટેલ દ્વારા સમગ્ર આયોજન, સંકલન અને દેખરેખમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. તમામ કેન્દ્રોમાં પરીક્ષા શાંતિપૂર્ણ, પારદર્શક અને સુચારૂ રીતે પૂર્ણ થઈ હતી.

પરીક્ષા દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ અને ઇ.ચા.કુલસચિવ ડૉ. નરેન્દ્ર પટેલ કેન્દ્રોની મુલાકાતે પહોંચ્યા હતા અને વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી અને તેમને ફૂલ આપીને પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.











## રક્તદાન શિબિરનું આયોજન



રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અને સત્ય સાંઈ સેવા સમિતિ, સુરતના સંયુક્ત ઉપક્રમે તા. ૨૦/૧૧/૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકથી બપોરે ૦૧:૦૦ સુધી સેમિનાર હોલ, બાયોટેક્નૉલૉજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે શ્રી સત્યસાંઈબાબાની ૧૦૦મી જન્મજયંતિના પ્રસંગે 'રક્તદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં એન.એસ.એસ. વિભાગના સંયોજકશ્રી ડૉ. શ્રીધર નિમાવત, સહસંયોજકશ્રી ડૉ. મોસમ ત્રિવેદી, સુરત રક્તદાન કેન્દ્રમાંથી ડૉ. પરિમલ વ્યાસ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઑફિસરશ્રી ડૉ. મુકેશ રોહિત અને ડૉ. નિકુંજ ટંડેલ ઉપસ્થિત રહ્યા હતા.

વિવિધ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, વિદ્યાર્થીઓ, શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક કર્મચારીશ્રીઓ અને વહીવટી વિભાગના વડાશ્રીઓએ રક્તદાન કરીને માનવ સેવા અને રાષ્ટ્રીય કર્તવ્યની ભાવનાને ઉજાગર કરી હતી. તેમના આ પરોપકારી સહકારથી કાર્યક્રમ વધુ સફળ અને અર્થપૂર્ણ બન્યો હતો.

હાલમાં બ્લડ બેંકોમાં રક્તની ખૂબ અછત અનુભવી રહી છે, એવા સંજોગોમાં આ રક્તદાન શિબિરે માનવ જીવન બચાવવા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના આઈ.સી.ટી. વિભાગને 'Apple Authorised Training Center- Education' રૂપે પ્રતિષ્ઠિત માન્યતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અંતર્ગત કાર્યરત જી.પી. દાવર ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ફોર્મેશન સાયન્સ એન્ડ ટેક્નૉલૉજી, ડીપાર્ટમેન્ટ ઑફ આઈ.ટી.સી.ને 'Apple Authorised Training Center – Education' તરીકે સત્તાવાર માન્યતા પ્રાપ્ત થઈ છે. વિભાગે આ જાહેરાત કરતા ગૌરવ અનુભવું હોવાનું જણાવ્યું છે.

આ પ્રતિષ્ઠિત માન્યતા વિભાગને ટૅક્નૉલૉજી શિક્ષણ, રિસર્ચ અને સંશોધનક્ષેત્રે વૈશ્વિક ધોરણે પોતાની સ્થિતિ વધુ મજબૂત બનાવવા માટે એક મહત્ત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે. આ સાથે વિભાગ હવે એપલના પ્રમાણિત તાલીમ કાર્યક્રમ શરૂ કરવા જઈ રહ્યો છે, જે વિદ્યાર્થીઓ અને વ્યવસાયિકોને ઉદ્યોગસંગત કૌશલ્ય, હેન્ડ્સ–ઓન અનુભવ અને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય પ્રમાણપત્રો પ્રાપ્ત કરવામાં મદદરૂપ બનશે.

આ સિદ્ધિ સાથે ડિપાર્ટમેન્ટ ઑફ આઈ.ટી.સી. હવે વિશ્વની પસંદગીની સંસ્થાઓની શ્રેણીમાં સ્થાન મેળવે છે, જે ઉચ્ચ ગુણવત્તાવાળા ટૅક્નૉલૉજી શિક્ષણ માટે કટિબદ્ધ છે. વિભાગે યુનિવર્સિટીના અધિકારીઓ, ફેકલ્ટી, વિદ્યાર્થીઓ અને માન્યતા પ્રક્રિયામાં સીધો–અપરોક્ષ ફાળો આપનાર તમામના સહકાર માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. સતત પ્રયાસો અને સહયોગથી આ સિદ્ધિ શક્ય બની હોવાનું વિભાગ દ્વારા જણાવ્યું છે. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા ઇ.ચા.કુલસચિવ ડૉ. નરેન્દ્ર પટેલે પણ આ મહત્વપૂર્ણ સફળતા બદલ વિભાગને અભિનંદન પાઠવ્યા હતા અને યુનિવર્સિટીના ટૅક્નૉલૉજીકલ વિકાસમાં આ સિદ્ધિને એક મોરપીંછો સમાન ગણાવી હતી.













## યંગ રિસર્ચસ કોન્ફરન્સ-૨માં રજૂ થયેલ પસંદગીના સંશોધન લેખો VNSGU Journal of Research and Innovationના વિશેષ અંકમાં પ્રકાશિત




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા આયોજીત Young Researchers Conference-2 સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ યુવા સંશોધકોની એક મહત્વપૂર્ણ સફળતા માટે આવી છે. કોન્ફરન્સ દરમિયાન રજૂ થયેલા કુલ ૧૨૮ ગુણવત્તાસભર સંશોધન લેખોનો VNSGU Journal of Research and Innovationના Special Issueમાં સત્તાવાર સમાવેશ કરવામાં આવ્યો છે.

આ વિશેષ અંકમાં વિવિધ ફેકલ્ટીઓ, વિભાગો અને શૈક્ષણિક શાખાઓના સંશોધકો દ્વારા રજૂ કરવામાં આવેલા નવીન અભિગમો, સમકાલીન વિષયક વિશ્લેષણ, પ્રાયોગિક સંશોધન, તેમજ આધુનિક વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો સમાવેશ થાય છે. યુનિવર્સિટીના Research and Development Cellના માર્ગદર્શન અને સંકલન હેઠળ યોજાયેલી આ કોન્ફરન્સે યુવા સંશોધકોને તેમના સંશોધનકાર્યને વ્યાપક શૈક્ષણિક વર્તુળ સુધી પહોંચાડવા માટે મહત્વપૂર્ણ મંચ પુરો પાડયો હતો.

આ ઉપલબ્ધી બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ એન. ચાવડા સાહેબે તમામ યુવા સંશોધકો, માર્ગદર્શકો, આયોજક મંડળ તેમજ જર્નલના સંપાદન મંડળને અભિનંદન પાઠવ્યા છે અને ભવિષ્યમાં વધુ ગુણવત્તાસભર સંશોધન કાર્ય પ્રકાશિત થાય તેવી શુભેચ્છા વ્યકત કરી છે. વિશ્વવિદ્યાલયના વધતા સંશોધન માહોલ અને સંશોધકોના ઉત્સાહને આ પ્રકાશન એક નવી દિશા આપશે.

## VNSGU અને SVNIT વચ્ચે શૈક્ષણિક અને સંશોધનાત્મક સહકાર માટે ઐતિહાસિક MoU









દક્ષિણ ગુજરાતના શૈક્ષણિક ક્ષેત્રે આજે એક ઐતિહાસિક સીમાચિહ્ન અંકિત થયું છે. સુરત સ્થિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય (VNSGU) અને રાષ્ટ્રીય મહત્વ ધરાવતી સંસ્થા સરદાર વલ્લભભાઈ નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઑફ ટૅક્નૉલૉજી (SVNIT) વચ્ચે આજે શૈક્ષણિક આદાન-પ્રદાન અને સંશોધનને વેગ આપવા માટે એક મહત્વપૂર્ણ મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ કરાર વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે VNSGU વતી ઇ.ચા.કુલસચિવશ્રી ડૉ. નરેન્દ્ર પટેલ અને SVNIT વતી ડીન ઇન્ચાર્જ દ્વારા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. સાથે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર ઑફ રીસર્ચ ડૉ. જયદીપ ચૌધરી, MSC IT વિભાગના વડાશ્રી ડૉ. પુષ્પલ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

❖ આ MoUના મુખ્ય ઉદ્દેશ્યો અને વિશેષતાઓ:

બંને સંસ્થાઓ વચ્ચે થયેલા આ કરારનો મુખ્ય હેતુ પરસ્પર સહકાર અને સીધા સંપર્કને પ્રોત્સાહન આપવાનો છે. આ સહયોગ નીચે મુજબના ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે અત્યંત લાભદાયીનીવડશે:

- સંયુક્ત સંશોધન (Joint Research): બંને સંસ્થાઓના ફેકલ્ટી સભ્યો સંયુક્ત રીતે રિસર્ચ પ્રોજેક્ટ્સ હાથ ધરશે અને વિદ્યાર્થીઓના સંશોધન કાર્યનું સંયુક્ત નિરીક્ષણ (Joint Supervision) કરશે. આ કરાર અંતર્ગત બંને સંસ્થાઓના નિષ્ણાંત પ્રોફેસરો હવે સંયુક્ત રીતે રિસર્ચ પ્રોજેક્ટ હાથ ધરી શકશે. સૌથી મહત્વની બાબત એ છે કે Ph.D. અને રિસર્ચ કરતા વિદ્યાર્થીઓ માટે 'જોઇન્ટ સુપરવિઝન' (Joint Supervision)ની સુવિધા ઉભી થશે, જેનાથી વિદ્યાર્થીઓને બંને સંસ્થાના તજજ્ઞોના જ્ઞાનનો લાભ મળશે.
- ફેકલ્ટી અને સ્કોલર ઍક્સચેન્જ: અધ્યાપકો અને સંશોધક વિદ્યાર્થીઓ એકબીજાની સંસ્થામાં મુલાકાત લઈ શકશે અને જ્ઞાનનું આદાન પ્રદાન કરી શકશે.
- માહિતી અને પ્રકાશનોની આપ-લે: સંશોધનાત્મક પ્રકાશનો અને શૈક્ષણિક માહિતીનું પરસ્પર આદાન-પ્રદાન કરવામાં આવશે. સંશોધન ક્ષેત્રે થતા નિત-નવા આવિષ્કારો અને પ્રકાશનો (Publication)ની આપ-લે કરવામાં આવશે. આનાથી જ્ઞાનના પ્રસારની પ્રક્રિયા ઝડપી બનશે અને નવા વિચારોને વેગ મળશે.
- સંયુક્ત કોન્ફરન્સ અને સિમ્પોઝિયા: પરસ્પર રસ ધરાવતા વિષયો પર સંયુક્ત કોન્ફરન્સ અને સિમ્પોઝિયા (Symposia)નું આયોજન કરવામાં આવશે, જે વિદ્યાર્થીઓને વૈશ્વિક પ્રવાહોથી અવગત કરાવશે.
- સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ: SVNITની તકનીકી સજ્જતા અને VSNGUની વિવિધ વિદ્યાશાખાઓ (Arts, Commerce, Science, Law, etc.)ના સમન્વયથી 'મલ્ટીડિસિપ્લિનરી' સંશોધનને વેગ મળશે. ફેકલ્ટી મેમ્બર્સ અને રિસર્ચ સ્કોલર્સ એકબીજાની સંસ્થાની મુલાકાત લઈ શકશે અને લેબોરેટરી કે લાઈબ્રેરી જેવા સંસાધનોના ઉપયોગથી ગુણવત્તાયુક્ત સંશોધન કરી શકશે.
- NEP-2020ના સંદર્ભમાં મહત્વ: આ સમજૂતી કરાર રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) ના મૂળભૂત સિદ્ધાંતો સાથે સુસંગત છે. NEP-2020 ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ વચ્ચેના સંકલન, મલ્ટીડિસિપ્લિનરી (બહુશાખાકીય) અભિગમ અને સંસાધનોની વહેંચણી (Resource Sharing) પર ભાર મૂકે છે. ટૅક્નિકલ ક્ષેત્રે અગ્રેસર કઅદયત અને વિવિધ વિદ્યાશાખાઓ ધરાવતી VSNGUનું આ જોડાણ વિદ્યાર્થીઓને સર્વગ્રાહી શિક્ષણ પૂરું પાડશે.

વિકસિત ભારત@2024ના સંદર્ભમાં મહત્વ: વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત@2047'ના સ્વપ્નને સાકાર કરવા માટે શિક્ષણ અને સંશોધન પાયાની જરૂરિયાત છે. આ MoU દ્વારા થનારું ઉચ્ચ કક્ષાનું સંશોધન અને જ્ઞાનનું આદાન-પ્રદાન ભારતને 'ગ્લોબલ નૉલેજ સુપરપાવર' બનાવવાની દિશામાં એક મહત્વનું પગલું સાબિત થશે. આનાથી સ્થાનિક સમસ્યાઓના વૈજ્ઞાનિક ઉકેલો શોધવામાં અને વિદ્યાર્થીઓમાં કૌશલ્ય વર્ધનમાં મદદ મળશે.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીઓ સાથે **NEP, NTF, અને NIRF** અંગે મહત્વની બેઠક યોજાઈ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે તા. ૨૬/૧૧/૨૦૨૫ના રોજ સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીઓ સાથે યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબની અધ્યક્ષતામાં ઉચ્ચ શિક્ષણના વિવિધ પ્રકલ્પો અને વિદ્યાર્થીલક્ષી નિર્ણયો અંગે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ કૉલેજોના આશરે ૧૭૦ જેટલા આચાર્યશ્રીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020)ના અમલીકરણના ભાગરૂપે વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ નવા વિકલ્પોની ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને સ્નાતક કક્ષાએ 'ઓનર્સ' (Honors), 'ઓનર્સ વિથ રિસર્ચ' (Honors with Research) અને પોસ્ટ ગ્રેજ્યુએશન (PG)માં પ્રવેશ અંગેની માહિતી અને યુનિવર્સિટીના તાજેતરના પરિપત્ર અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ સત્રમાં વિદ્યાર્થીઓ કઈ

રીતે ચોથા વર્ષમાં અભ્યાસ ચાલુ રાખી શકે અથવા સંશોધન ક્ષેત્રે આગળ વધી શકે તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

નેશનલ ટાસ્ક ફોર્સ (NTF)ના નોડલ ઓફિસર ડૉ. પ્રીતિ ચૌધરીએ એક વિશેષ સત્ર લીધું હતું. જેમાં તેમણે નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા અને શિક્ષણ મંત્રાલયના નિર્દેશો મુજબ રચાયેલ નેશનલ ટાસ્ક ફોર્સની કામગીરી વિશે માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય, આત્મહત્યા નિવારણ માટેના પગલાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવા અંગેના વિવિધ પરિપત્રોની છણાવટ કરી હતી.

યુનિવર્સિટીના IQAC ડાયરેક્ટર ડૉ. અપૂર્વ દેસાઈએ 'નેશનલ ઇન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક' NIRF વિશે માહિતી આપી હતી. તેમણે NIRF રેન્કિંગ શું છે, તેનું મહત્વ શુ છે અને સંલગ્ન કૉલેજોએ તેમાં કઈ રીતે અરજી કરવી તે અંગેની પ્રક્રિયા સમજાવી હતી. તેમણે ઉપસ્થિત આચાર્યશ્રીઓને પોતાની સંસ્થાઓને NIRF રેન્કિંગમાં સ્થાન અપાવવા માટે અરજી કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમના અંતે યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન ચાવડાએ અધ્યક્ષીય પ્રવચન આપ્યું હતું. તેમણે પોતાના સંબોધનમાં NEP, NTF અને NIRF જેવા ત્રણેય મુખ્ય વિષયોને આવરી લીધા હતા. આ ઉપરાંત, તેમણે ભારત સરકારની મહત્વકાંક્ષી પહેલ 'વન નેશન વન સબસ્ક્રિપ્શન' (One Nation One Subscription) વિશે પણ વાત કરી હતી. કુલપતિશ્રીએ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આવી રહેલા વર્તમાન પડકારોની ચર્ચા કરી હતી અને તે પડકારોનો સામનો કરી શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે તમામ આચાર્યશ્રીઓને પ્રોત્સાહિત અને પ્રેરિત કર્યા હતા. આ બેઠકમાં મોટી સંખ્યામાં આચાર્યશ્રીઓની ઉપસ્થિતિએ યુનિવર્સિટીની શૈક્ષણિક ગુણવત્તા સુધારવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.











## ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગની વિદ્યાર્થીની દ્વારા નવીન મેટાલિક ચેર ડિઝાઈન પેટન્ટ રજીસ્ટર્ડ







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગની અંતિમ વર્ષની વિદ્યાર્થીની રાધિકા પરીખે એક નવીન મેટાલિક ચેરનું ડિઝાઈન વિકસાવ્યું છે, જેને પેટન્ટ

તરીકે સત્તાવાર રીતે રજીસ્ટર કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ યુનિવર્સિટીના SSIP અને ઇન્ક્યુબેશન સેન્ટર હેઠળ મળેલા સુવ્યવસ્થિત માર્ગદર્શનથી સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

આ ચેરનું ડિઝાઈન આધુનિક કાર્યસ્થળો તેમજ સર્જનાત્મક સ્ટુડિયો માટે અનુરૂપ રીતે તૈયાર કરવામાં આવ્યું છે. મજબૂત અને ટકાઉ મેટલ ફ્રેમવર્ક સાથે ગરમ, ટેક્સચર્ડ ટેરાકોટાના સંયોજન દ્વારા આ ચેર ઉદ્યોગશકિત અને ધરતીના સૌંદર્ય વચ્ચેનો અનોખો સુમેળ રજૂ કરે છે. મેટલની સ્થિરતા અને ટેરાકોટાની કુદરતી ગુણવત્તાથી ચેરને વધુ ટકાઉ, સ્થિર અને મજબૂત બનવામાં સહાય મળી છે.

ચેરનું આધુનિક એસ્થેટિક લૂક, આરામદાયક એર્ગોનોમિક ડિઝાઈન, સુઘીર્ણ કૂશનિંગ અને એડજસ્ટેબલ સુવિધાઓ તેને રોજિંદા ઉપયોગમાં અત્યંત અનુકૂળ બનાવે છે. સાથે જ, રિસાયકલ કરી શકાય તેવા મેટલ અને ઇકો–ફ્રેન્ડલી ટેરાકોટાના ઉપયોગથી પર્યાવરણપ્રેમી ફર્નિચર તરફનું આ એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

આ પ્રોજેક્ટ સહાયક પ્રોફેસર અંકિત ચાંગાવાલા, નીલકંઠ બુરખાવાલા અને અજય મિસ્ત્રીના નિષ્ણાંત માર્ગદર્શન હેઠળ તૈયાર થયો હતો. વિભાગના તમામ પ્રોફેસરોએ રાધિકા પરીખના સર્જનાત્મક વિચાર, મહેનત અને ડિઝાઈન નવીનતાની પ્રશંસા કરી હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, ઇ.ચા. કુલસચિવશ્રી ડૉ. એન. આર. પટેલ, પ્રો. પરેશ પારેખ (કૉ–ઑર્ડિનેટર, SSIP), ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગના કૉ–ઑર્ડિનેટર શ્રી મેહુલ પટેલે રાધિકા પરીખ અને તેમના માર્ગદર્શકોને તેમની આ પ્રશંસનીય સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગની વિદ્યાર્થીની દ્વારા પોર્ટેબલ સ્કેચિંગ સ્ટૂલ ડિઝાઈનનું પેટન્ટ રજીસ્ટર્ડ







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગની ત્રીજા વર્ષની વિદ્યાર્થીની ઇશિતા રાજેશકુમાર ધામેલિયાએ પોર્ટેબલ સ્કેચિંગ સ્ટૂલનો એક નવીન અને ઉપયોગી પ્રોજેક્ટ સફળતાપૂર્વક વિકસાવ્યો છે. આ પ્રોજેક્ટની તમામ જરૂરી પ્રક્રિયા યુનિવર્સિટીના SSIP અને ઇન્ક્યુબેશન સેન્ટર દ્વારા માર્ગદર્શિત કરવામાં આવી છે.

આ પોર્ટેબલ સ્ટૂલ ખાસ કરીને એવા આર્ટિસ્ટો અને વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યો છે, જે આઉટડોર લાઈવ સ્કેચિંગ માટે વારંવાર અલગ અલગ સ્થળોએ જતા હોય છે. સ્ટૂલની ડિઝાઈન હળવી, કોમ્પેક્ટ અને સરળતાથી લઈ જવાય તેવી છે, જેથી તેનો ઉપયોગ કોઈપણ સ્થળે આરામદાયક રીતે કરી શકાય. તેનું ફોલ્ડેબલ રૂપ તેને વધુ કાર્યક્ષમ અને મોબાઈલ બનાવે છે.

આ નવીન ડિઝાઈનનો મુખ્ય હેતું આર્ટિસ્ટોને લાંબા સમય સુધી સ્કેચિંગ દરમિયાન યોગ્ય બેઠક, આરામ, પોર્ટેબિલિટી અને ગતિશીલ કાર્યક્ષમતા પ્રદાન કરવાનો છે. આદર્શ ઊંચાઈ, મજબૂત બંધારણ અને યૂઝર–સેન્ટ્રિક અભિગમ આ સ્ટૂલને આઉટડોર ક્રિયેટિવ કાર્ય માટે અત્યંત ઉપયોગી બનાવે છે.

આ પ્રોજેક્ટ સહાયક પ્રોફેસર અંકિત ચાંગાવાલા, સ્નેહલ પટેલ અને જિમીશા શાહના નિષ્ણાંત માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવ્યો છે. તેમણે ઇશિતાને ડિઝાઈન પ્રક્રિયા, કાર્યપદ્ધતિ અને નવીનતા તરફ સતત પ્રેરણા આપી, જેના પરિણામે આ મોડયુલર અને પોર્ટેબલ સ્ટૂલનો સફળ વિકાસ શક્ય બન્યો.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ, ઇ.ચા. કુલસચિવશ્રી ડૉ. એન. આર. પટેલ, પ્રો. પરેશ પારેખ (કૉ–ઑર્ડિનેટર, SSIP) તથા ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગના કૉ–ઑર્ડિનેટર શ્રી મેહુલ પટેલે ઇશિતા ધામેલિયા તથા તેમના માર્ગદર્શકોને  તેમની આ પ્રશંસનીય સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## Department of Biotechnology

## વિશ્વવિદ્યાલયના બાયોટેક્નૉલૉજી વિભાગમાં ઇન્ટર્નશિપ દિશા–નિર્દેશ સત્ર સફળતાપૂર્વક આયોજન




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ના બાયોટેક્નૉલૉજી વિભાગ દ્વારા તા. ૧૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ઇન્ટર્નશિપ પ્રોગ્રામક સંબંધિત દિશા નિર્દેશ સત્રનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રનો મુખ્ય ઉદ્દેશ

વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપની પ્રક્રિયા, ઉદ્યોગની અપેક્ષાઓ અને વિવિધ સંસ્થાઓ સાથેના સહયોગ દ્વારા ઉપલબ્ધ તકો અંગે માહિતગાર કરવાનો હતો. બાયોટેક્નૉલૉજી વિભાગે જાહેરાત કરી હતી કે પ્રતિષ્ઠિત ઉદ્યોગો તથા સંસ્થાઓ સાથે કુલ ૧૫ સમજૂતી કરારો (MoUs) હસ્તાક્ષરિત થયા છે. આ MoUs અંતર્ગત વિદ્યાર્થીઓને સંરચિત ૪–ક્રેડિટ ઇન્ટર્નશિત પ્રોગ્રામ હેઠળ તાલીમ અને પ્રાયોગિક જ્ઞાન પ્રાપ્ત કરવાની તક મળશે, જે તેમને બાયોટેક્નૉલૉજી ક્ષેત્રમાં ઉદ્યોગ તૈયાર બનવામાં સહાય કરશે.

આ માર્ગદર્શન સત્રનું નેતૃત્વ વિભાગના વડા તથા પ્રોફેસર ડૉ. ગૌરવ શાહે કર્યું હતું. તેમણે ઇન્ટર્નશિપ વ્યાવસાયિક કુશળતા વિકાસ, કારકિર્દી નિર્માણ અને ઉદ્યોગ સાથેના જોડાણમાં કેવી રીતે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે તે અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમમાં ફેકલ્ટી કૉ–ઑર્ડિનેટર તેમજ ઇન્ટર્નશિપ ફેસિલિટેટરે ઉપસ્થિત રહી ઇન્ટર્નશિપ પ્રક્રિયા અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું તેમજ વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

સત્ર અંગે વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ વિદ્યાર્થીઓના શુભેચ્છા પાઠવી હતી અને ઇન્ટર્નશિપ જેવા અવસરોને વ્યવસાયિક વિકાસનું સશક્ત સાધન ગણાવી તેને વધુમાં વધુ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. આ સત્ર દ્વારા વિદ્યાર્થીઓમાં ઇન્ટર્નશિપ પ્રોગ્રામ અંગે વધુ જાગૃતિ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

## Department of Economics

### અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા નીતિઆયોગનો 'મોનિટરીંગ એન્ડ ઇવેલ્યુશન કૅપેસિટી બિલ્ડીગ ઑફ યુનિવર્સિટીસ (રાઉન્ડ–૨)'નો સંશોધન આધારિત પ્રોજેક્ટ પૂર્ણ કર્યો













વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ભારત સરકારનાં નીતિઆયોગ દ્વારા "મોનિટરીંગ એન્ડ ઇવેલ્યુશન કૅપેસિટી બિલ્ડીગ ઑફ યુનિવર્સિટીસ (રાઉન્ડ–૨)"નો પ્રોજેક્ટ આપવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટમાં સમગ્ર ભારતભરમાંથી ૧૪ રાજ્યોની પસંદ કરેલ યુનિવર્સિટીઓ સામેલ થઈ હતી. જેમાં ગુજરાત રાજ્યમાંથી આ સંશોધન કાર્ય પૂર્ણ કરવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર વિભાગની પસંદગી થઈ હતી. જેના ભાગરૂપે ભારત સરકારની પ્રાથમિક/માધ્યમિક શિક્ષણ અને આરોગ્યની સેવાઓને લગતી ૪ મહત્વકાંક્ષી યોજનાઓ જેમાં (૧) PM POSHAN YOJANA (મધ્યાહન ભોજન યોજના), (૨) રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK), (૩) રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ (RKSK) (૪) સમગ્રશિક્ષા અભિયાન (SSA)નો ગુજરાતનાં પસંદ કરાયેલ ૪ જીલ્લાઓ વલસાડ, નવસારી, તાપી અને ડાંગમાં આવેલ સરકારી ગ્રાન્ટ–ઇન–એઇડ અને ખાનગી શાળાઓનાં સંદર્ભમાં ઉપરોક્ત યોજનાઓનાં અમલીકરણનું મૂલ્યાંકન અર્થશાસ્ત્ર વિભાગની પ્રોજેક્ટ ટીમ દ્વારા વિગતે હાથ ધરવામાં આવ્યું હતું.

જેમાં આ યોજનાઓ સાથે સંકળાયેલા શાળાનાં આચાર્ય, શિક્ષકો, વાલીઓ, શાળા સંચાલન સમિતિનાં સભ્યો, રસોઈયા અથવા હેલ્પર અને બ્લોક ઍજ્યુકેશન ઑફિસરોનાં નીતિ આયોગ દ્વારા તૈયાર કરેલ પ્રશ્નાવલીનો ઉપયોગ કરીને પ્રત્યક્ષ મુલાકાત લઈને ઉપરોક્ત યોજનાઓનાં અમલીકરણ સંદર્ભે મંતવ્યો તેમજ હકીકતલક્ષી માહિતી પ્રોજેક્ટ ટીમ દ્વારા એકત્રિત કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટની એક ખાસ વાત એ છે કે સમગ્ર માહિતી પેપરલેસ, ડીજીટલ GPRS આધારિત 'KOBO' ટૂલબોક્સ દ્વારા એકત્રિત કરવામાં આવી હતી. પ્રસ્તુત ટૂલબોક્સ કઈ રીતે ઉપયોગમાં લેવું તે અંગેની સમગ્ર તાલીમ અર્થશાસ્ત્ર વિભાગનાં પસંદ કરાયેલ કુલ ૧૦ અનુસ્નાતકનો અભ્યાસ કરતા તેમજ

પીએચ.ડી. નું સંશોધન કરતા સંશોધનાર્થીઓને તેની તાલીમ નીતિ આયોગનાં નિષ્ણાંતો દ્વારા આપવામાં આવી હતી. આ સંશોધન પ્રોજેક્ટનો એક અગત્યનો હેતુ અનુસ્નાતક અને સંશોધન કરતા વિદ્યાર્થીઓમાં ક્ષમતાવર્ધન કેવી રીતે થાય તેનો રહેલો હતો. જેના ભાગરૂપે નીતિ આયોગ દ્વારા સમગ્ર સંશોધન અહેવાલ સ્વીકાર્ય બાદ આ પ્રોજેક્ટમાં સંકળાયેલા અર્થશાસ્ત્ર વિભાગનાં ૧૦ વિદ્યાર્થીઓ હીરપરા આરતી દિનેશભાઈ, રાવલ દિવ્યા રમેશભાઈ, મકવાણા સ્નેહિલ રામજીભાઈ, જમોડ મેરાભાઈ ખીમાભાઈ, મેઘના બદલાની, શિતલ રમેશભાળ માલી, સોડવડિયા વંદના ભરતભાઈ, ટંડેલ કેનિલકુમાર ભરતભાઈ, વૈશાલીબેન જીવનભાઈ ખારવા અને યશકુમાર મહેશભાઈ રાણાને કેપેસીટી બિલ્ડીગ ઓફ યુનિવર્સિટીસ ઓન મોનિટરીંગ એન્ડ ઇવોલ્યુશનનો કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે ડેવલોપમેન્ટ મોનીટરીંગ એન્ડ ઇવેલ્યુશન ઓફિસર (DNEO) નીતિ આયોગ દ્વારા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. જે આજ રોજ તા. ૧૧/૧૧/૨૦૨૫ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડાનાં વરદહસ્તે તમામ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓને આ સફળતા બદલ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સમગ્ર સંશોધન પ્રોજેક્ટમાં ડીસ્ટ્રીકટ કો-ઑર્ડિનેટર તરીકે અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યાપકશ્રી ડૉ. યોગેશ એન. વાંસિયા અને ડૉ. મનીષ આર. પટેલ દ્વારા તેમની સેવાઓ આપી હતી. જ્યારે સમગ્ર સંશોધન પ્રોજેક્ટમાં નોડલ ઑલ્ફસર તરીકે અર્થશાસ્ત્ર વિભાગનાં પ્રાધ્યાપક અને વડાશ્રી ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા સેવાઓ આપી હતી. આ સંશોધન માટે નિતી આયોગ દ્વારા યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર વિભાગને ૩,૭૬,૦૦૧/- રૂપિયાનું અનુદાન નિતી આયોગ દ્વારા પ્રાપ્ત થયું હતું. પ્રસ્તુત સંશોધન પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ દ્વારા શુભેચ્છા પાઠવી હતી.

## વિશ્વવિદ્યાલયનાં અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા "5 Day Workshop"ની દરખાસ્ત KCG દ્વારા મંજુર

ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણના સ્તરે વધુ ઉન્નત બનાવવા ઉમદા હેતુથી,નૉલેજ કન્સોર્ટિયમ ઑફ ગુજરાત (KCG) દ્વારા 'Promotion of Research and Facilities in Higher Education' કાર્યક્રમ અંતર્ગત સંશોધનલક્ષી દરખાસ્તો આમંત્રિત કરવામાં આવી હતી. આ મહત્વપૂર્ણ પહેલના ભાગરૂપે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય (VNSGU), સુરત ખાતેના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા '5 Days Workshop on Promotion of Research and Facilities in Higher Education' માટેની સકારાત્મક અને સુવ્યવસ્થિત દરખાસ્ત તૈયાર કરીને મોકલવામાં આવી હતી.

સમગ્ર ગુજરાતમાંથી વિવિધ કૉલેજો અને યુનિવર્સિટીઓ તરફથી કુલ ૪૨૧ જેટલી દરખાસ્તો KCGને પ્રાપ્ત થઈ હતી. આ તમામ દરખાસ્તોનું તા. ૧૩/૮/૨૦૨૫ના રોજ ખૂબ જ ઝીણવટપૂર્વક સ્ક્રૂટિની કરવામાં આવ્યું હતું. જેમાં અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપકો ડૉ. મનિષ આર. પટેલ અને ડૉ. મેરાભાઈ જમોડ દ્વારા ગાંધીનગર ખાતે દરખાસ્ત રજૂઆત (Presentation) કરવામાં આવી હતી. જેના પરિણામે ગુણવત્તાના આધારે કુલ ૧૨૬ દરખાસ્તોને મંજૂરીની મહોર મારવામાં આવી છે. અત્યંત આનંદ અને ગૌરવની વાત છે કે આ મંજૂર કરાયેલી ૧૨૬ દરખાસ્તોમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગની દરખાસ્તનો પણ સમાવેશ થાય છે. આ સિદ્ધિ ખરેખર યુનિવર્સિટી અને અર્થશાસ્ત્ર વિભાગ સંશોધનલક્ષી વાતાવરણ અને શૈક્ષણિક ગુણવત્તાનો પુરાવો છે.

આ સફળતા બદલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના આદરણીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ અને આદરણીય કુલસચિવશ્રી સાહેબે અર્થશાસ્ત્ર વિભાગની સમગ્ર ટીમને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા છે અને હર્ષની લાગણી વ્યક્ત કરી છે. તેઓએ આશા વ્યક્ત કરી છે કે આ વર્કશોપ સંશોધન ક્ષેત્રે નવા દ્વારો ખોલશે.

આગામી સમયમાં આયોજિત થનારા આ પ્રતિષ્ઠિત "5 Days Workshop" થકી યુનિવર્સિટીના ૭૫ જેટલા ઉત્સાહી ફેકલ્ટીઓ, સંશોધનકર્તાઓ અને તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ અને સંશોધનની નવીનતમ સુવિધાઓ અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન અને જ્ઞાનનો લાભ મળી શકશે.

## Department of Physics

### ભૌતિકશાસ્ત્ર વિભાગમાં મફત આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું






ભૌતિક શાસ્ત્ર વિભાગમાં ૨૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી C.D. પચ્ચીગર હોમિયોપેથીક મેડિકલ કૉલેજ, સુરત દ્વારા મફત આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

શિબિરનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને કર્મચારીઓમાં આરોગ્ય જાગૃતિ લાવવાનો હતો અને તેમાં કુલ ૬૮ લોકોએ ભાગ લીધો. આરોગ્ય તપાસમાં  બ્લડ પ્રેશર, પલ્સ, તાપમાન, વજન, ઉંચાઈ, ત્વચા અને વાળની સામાન્ય તપાસ, તંત્રિકાત્મક નિરીક્ષણ અને રકતમાં વિટામિન્સ અને કાર્યક્ષમતા (efficiency)નું મૂલ્યાંકન કરવામાં આવ્યું. આ શિબિર ૧૦ તબીબી સ્ટાફની ટીમ દ્વારા સંચાલિત થયું અને તેમાં ભૌતિકશાસ્ત્ર વિભાગ ઉપરાંત અન્ય વિભાગોના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો. શિબિરને સુવ્યવસ્થિત બનાવવા માટે વિભાગના પ્રાધ્યાપકો અને નોન–ટિંચિગ સ્ટાફે માર્ગદર્શન અને સહકાર આપ્યો. કાર્યક્રમના અંતે HOD દ્વારા તબીબી ટીમને આભાર વ્યકત કરવામાં આવ્યો અને તેમને આભારપત્ર (Certificate of Appreciation) આપીને સન્માનિત કરવામાં આવ્યું. આ શિબિર લાભદાયી અને માહિતીપ્રદ સાબિત થયું અને આરોગ્ય જાગૃતિમાં મહત્વનું યોગદાન આપ્યું.

## Department of Statistics

### "Biostatistics & Data Science: VNSGU Vision 2031 – Careers, Opportunities, and Startups" organized by Department of Statistics

The Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat, organized a Department Level Seminar on the theme 'Biostatistics & Data Science: VNSGU Vision 2031 – Careers, Opportunities, and Startups' on 14th October 2025 as part of its Extra-Curricular Academic Activities. The seminar aimed to bridge the gap between academia, industry, and innovation, while exploring emerging opportunities in the fields of biostatistics, pharmaceutical research, and data science.

The keynote address and expert session were delivered by Dr. Nirali Mehta, CEO & Founder, PHARMA-STATS Statistical Services, Ahmedabad. Dr. Mehta shared her vast experience as a statistician and entrepreneur, emphasizing the importance of biostatistics and data analytics in pharmaceutical research, clinical trials, and regulatory affairs. Her session was highly interactive, insightful, and enriching, offering practical perspectives on the application of statistics in healthcare and industry.

A panel discussion session followed, in which Dr. Nirali Mehta also participated as an active panelist, interacting with students on career development, industry readiness, and entrepreneurial opportunities in data science and biostatistics.

The panel further included Mr. Siddharth Bhalsod, AI Software Engineer, Exigo Tech, Vadodara, who shared his insights on the latest trends in Artificial Intelligence, Machine Learning, and Big Data technologies. His session provided students with an industry-oriented understanding of how AI and data science are transforming the modern workplace and creating new career avenues.

The event concluded with Dr. Arti J. Rajyaguru, Professor and Head of the Department, serving as the Moderator and Panelist, who expressed heartfelt gratitude to all dignitaries, speakers, faculty members, and students for their enthusiastic participation and support in making the seminar a grand success.

The seminar witnessed enthusiastic participation from 7 faculty members and around 84 postgraduate students of the department.

The Department sincerely acknowledges and appreciates the valuable contributions of both speakers and the faculty team for organizing an event that successfully connected academic learning with industrial applications, inspiring students toward research, innovation, and career excellence.









## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

#### જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં વંદે માતરમ્ @150ની ઉજવણી




તા. ૦૭ નવેમ્બર ૨૦૨૫ને શુક્રવારના રોજ ૧૫૦ વર્ષ પૂર્ણ થયેથી રાષ્ટ્રગીતનાં સન્માનમાં ગુજરાત સરકાર દ્વારા "વંદે માતરમ્ @150"ની ઉજવણી કરવાનું આયોજન કરેલ છે. આ ઉજવણીના ભાગરૂપે જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી–સુરતના ઇ.ચા.આચાર્ય સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ સવારે ૦૯:૩૦ કલાકે કૉલેજના સર્વ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ સભ્યો હાજર રહી રાષ્ટ્રગીતનું સમૂહ ગાન કર્યું અને સ્વદેશી માટેની શપથ લીધી હતી.

#### જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના પ્રાધ્યાપિકા પીએચ.ડી. થયા



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં કાર્યરત કોમર્સ વિષયના પ્રાધ્યાપિકા નિરારીકાબેન જોષી દ્વારા રજૂ કરેલા મહાશોધ નિબંધ "A Study of Impact of Diversification Strategies on Financial Perfomance of Selected Diversified Indian Listed Companies"ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એ માન્ય રાખી, તેમને કોમર્સ વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે તેમનો મહાશોધ નિબંધ એસ.પી.બી. કોમર્સ કૉલેજના પ્રાધ્યાપક ડૉ. ફરીદાબેન માંડવીવાળા માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. આ બદલ અમરોલી પરિવાર અને જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર અને સ્ટાફ સભ્યોએ અભિનંદન પાઠવ્યા છે.

### પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

#### જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સ્વનિર્ભર કૉલેજનું ગૌરવ




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી, કૉલેજના વિદ્યાર્થીઓનું ઇન્ડિયા રોલ બોલ ફેડરેશન વર્લ્ડ કપ ટીમમાં પસંદગી થયેલ છે. 7th રોલબોલ ઇન્ડિયા, રોલ બોલ ફેડરેશન વર્લ્ડ કપ છોકરાઓની ટીમમાં રાશિયા યશ અનિલભાઈ (T.Y.B.C.A) અને છોકરીઓની ટીમમાં નાકરાણી કાવ્યાની પસંદગી થયેલ છે. 7th રોલબોલ વર્લ્ડકપમાં વિદ્યાર્થીઓને પસંદગી થવાથી કૉલેજ તેમજ ગુજરાત રાજ્યનું ગૌરવ વધારવા બદલ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણી, સ્પોર્ટ ટીચર/કોચ ડૉ. પ્રદીપકુમાર લેન્કા તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટના ટ્રસ્ટી તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

#### રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી ધ્રુવીએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું



ભારત સરકારની Special National Integration Camp (SNIC) દ્વારા રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી તા.૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં કેવડિયા, સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે હાજર થઈ હતી. કાર્યક્રમાં સમગ્ર દેશમાંથી એન.સી.સી.ના

૩૫૦ કેડેટ્સે ભાગ લઈ સાંસ્કૃતિક વૈવિધ્યથી આ કાર્યક્રમને રંગીન બનાવ્યો હતો. જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ આફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી કૉલેજની એન.સી.સી. ૬ ગુજરાત ગર્લ્સ બટાલિયનની કેડેટ CPL Dhruvi Domadiya આ કાર્યક્રમની સહભાગી બની હતી. આ ગૌરવપૂર્ણ કાર્યક્રમનો હિસ્સો બનવા બદલ આચાર્ય ડૉ. મુકેશ આર.ગોયાણી, એન.સી.સી., સી.ટી.ઓ., ડૉ. અનિલા પિલ્લાઈ તેમજ શૈક્ષણિક, વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટનાં ટ્રસ્ટી તરફથી અભિનંદન પાઠવવામાં આવે છે.

## ૧૫૦માં વંદે માતરત ગીતની ઉજવણી



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ આફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી સાયન્સમાં તા. ૧૪/૧૧/૨૦૨૫ના રોજ એન.સી.સી. ૬ ગુજ. ગર્લ્સ બટાલિયન કેડેટ્સ દ્વારા ૧૫૦ માં વંદે માતરમ્ ગીતની ઉજવણી નિમિત્તે એક પ્રેરક ગીત ગાયું હતું. જેમાં શાળા/કૉલેજના વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય અખંડિતતાની માનસિકતા જગાવવાનો ઉદ્દેશ્ય હતો. આ કાર્યક્રમનું પ્રતિનિધિત્વ એન.સી.સી., એસ.યુ.ઓ. હેપ્પી હીરપરા અને એન.સી.સી. જે.યુ.ઓ. ધ્રુવી ગોહિલે કર્યુ હતું. આ કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ એન.સી.સી. ઓફિસર સી.ટી.ઓ. ડૉ. અનિલા પિલ્લાઈ દ્વારા કરવામાં આવ્યો હતો.

## જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સ્વનિર્ભર કૉલેજની એન.સી.સી. કેડેટ્સએ રાજ્યકક્ષાની આપત્તિ વ્યવસ્થાપન શિબિરમાં ભાગ લીધો

ગુજરાત રાજ્ય દ્વારા રાજ્યકક્ષાની આપત્તિ વ્યવસ્થાપન શિબિરનું આયોજન તા. ૨૧/૧૧/૨૦૨૫નાં રોજ હજીરા, સુરત ખાતે થયું હતું. જેમાં જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ આફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીની ૬ ગુજરાત ગર્લ્સ બટાલીયન એન.સી.સી.ની કુલ ૫ વિદ્યાર્થીની/એન.સી.સી. કેડેટ્સ સી.યુ.ઓ. હીરપરા હેપી, જે.યુ.ઓ. ગોહિલ ધ્રુવી, સી.જી.ટી. વરીયા ઉર્વીસા, સી.ડી.ટી. કડુ નેહા અને સી.ડી.ટી. લાઠીયા સાવિત્રીએ ભાગ લીધો હતો. શિબિરમાં સિવિલ ડિફેન્સ ઓફિસર દ્વારા આપત્તિ જોખમ ઘટાડવા, પ્રાથમિક સારવાર તકનીકો, કટોકટીમાં સંકલન અને અગ્નિ સલામતી પ્રોટોકોલની તાલીમ આપવામાં આવી હતી. આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણી અને NCC સી.ટી.ઓ. ડૉ. અનિલા પિલ્લાઈનાં માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ/કેડેટર્સ શિબિરમાં ભાગ લીધો હતો.



## ડૉ. સ્વેતા રાજપૂત પીએચ.ડી. થયા




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ આફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી, સુરતના કોમર્સ વિષયનાં ઍડહોક વ્યાખ્યાતા ડૉ.રાજપૂત સ્વેતા સુરેન્દ્રકુમારને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત તરફથી એમણે રજૂ કરેલ "Commercial Aspect of Solid Waste Management in Surat City" વિષય પરના મહાશોધ નિબંધને માન્યતા આપી પીએચ.ડી.ની ડીગ્રી એનાયત કરી છે. તેમણે આ સંશોધન કાર્ય અમરોલી સેલ્ફ ફાયનાન્સ કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ કોમર્સ–એકાઉન્ટન્સી વિષયમાં કરેલ છે. આ સિદ્ધિ બદલ આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણી, તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવનજ્યોત ટ્રસ્ટ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

## ડૉ. ડિમ્પલ નવનીતભાઈ જરીવાલા પીએચ.ડી. થયા




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી, સુરતના પ્રાધ્યાપક ડૉ. સુધાધારા સામાલનાં માર્ગદર્શન હેઠળ ડૉ. જરીવાલા ડિમ્પલ નવનીતભાઈને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત તરફથી એમણે રજૂ કરેલ "A Study of Customer Perception and Adoption Towards UPI in Surat District" વિષય પરના મહાશોધ નિબંધને માન્યતા આપી પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરવામાં આવી છે. પીએચ.ડી. માર્ગદર્શિકા પ્રા. ડૉ. સુધાધરા અને સંશોધક ડૉ. ડિમ્પલને તેમની સિદ્ધિ બદલ આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણી, તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવનજ્યોત ટ્રસ્ટ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### વંદે માતરમ્ રાષ્ટ્રગીતની ઉજવણી નિમિત્તે વિશેષ કાર્યક્રમ




નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત નવયુગ કોમર્સ કૉલેજ – NSS વિભાગ દ્વારા પ્રિ. ડૉ. વિનોદ પટેલના માર્ગદર્શન હેઠળ તા. ૦૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ વંદે માતરમ્ રાષ્ટ્રગીતની ૧૫૦મી ઉજવણી નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વદેશી વસ્તુઓના ઉપયોગ અંગે શપથવિધિ યોજાઈ હતી, જે એન.એસ.એસ.પ્રોગ્રામ ઑફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા દ્વારા લેવડાવવામાં આવી. ત્યારબાદ કૉલેજના સમગ્ર સ્ટાફે એક સાથે વંદે માતરમ રાષ્ટ્રગીતનું સમૂહગાન કર્યું. જે ડૉ. બિંદુ શાહના નેતૃત્વ હેઠળ ગવડાવવામાં આવ્યું હતું. કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. વિનોદભાઈ પટેલે પોતાના સંબોધનમાં રાષ્ટ્રગીતનું ઐતિહાસિક મહત્વ સમજાવ્યું અને દેશપ્રેમ તથા સ્વદેશી વસ્તુઓના ઉપયોગ માટે પ્રેરિત કર્યા હતા. તેમણે જણાવ્યું કે, સ્વદેશી વિચારધારા રાષ્ટ્રના આત્મસન્માનનું પ્રતિક છે. આ કાર્યક્રમનું સફળ આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા, ડૉ. રૂપેશ દવે, તથા ડૉ. ધરિત નાયક દ્વારા કરવામાં આવ્યું હતું.

## T. & T. V. Institute of Nursing, Surat.

### વંદે માતરમ ગીતના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી



વંદે માતરમ ગીતના ૧૫૦ વર્ષ પૂરા થવાની નિમિત્તે ટી.એન્ડ.ટી.વી.ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ તથા વિનસ હોસ્પિટલમાં એક વિશેષ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં કૉલેજના પ્રિન્સિપાલ, ફેકલ્ટી અને સ્ટુડન્ટ સર્વ જનો એ વંદે માતરમ ગાયુ. કાર્યક્રમ દરમિયાન પ્રિન્સિપાલ પ્રોફ.શ્રી કિરણકુમાર દોમડિયા દ્વારા વિદ્યાર્થીઓને દેશભકિત, એકતા અને સામાજિક જવાબદારી વિશે પ્રેરણા આપવામાં આવી. તમામ હાજર વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી દ્વારા ગીત ગાયને રાષ્ટ્ર પ્રેમનો ભાવ ઉજાગર કર્યો.

## એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

### વંદે માતરમ્ ગીતનું સામૂહિક ગાન અને સ્વદેશી શપથ કાર્યક્રમ યોજાયો



નવસારીની એસ.બી.ગાર્ડા કૉલેજમાં એન.એસ.એસ. અને આઈ.ક્યુ.એ સેલના સંયુક્ત ઉપક્રમે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબના માર્ગદર્શન હેઠળ તા. ૦૭/૧૧/૨૦૨૫ના રોજ રાષ્ટ્રગીત અને 'વંદે માતરમ્ @ ૧૫૦'ની ઉજવણી નિમિત્તે વંદે માતરમ્ રાષ્ટ્રગીતનું સામૂહિક

ગાન અને સ્વદેશી શપથ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. એચ. જે. પટેલ સાહેબે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વંદે માતરમ્ રાષ્ટ્રગીતના માધ્યમથી રાષ્ટ્ર અને માતૃભૂમિ માટેના ગર્વની એક સૂત્રતાના સંદેશ તથા રોજિંદા જીવનમાં વધુમાં વધુ ભારતીય વસ્તુઓનો ઉપયોગ કરી રાષ્ટ્રને આત્મનિર્ભર બનવાનાની પ્રેરણા પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં NSS, NCCના વિદ્યાર્થી તથા કૉલેજના અધ્યાપકો મોટી સંખ્યામાં હાજર રહી 'વંદે માતરમ્' રાષ્ટ્રગીતનું સમૂહગાન કરી સાથે સ્વદેશી શપથ પણ લેવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં કૉલેજના વિદ્યાર્થીઓએ તેમજ અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## ગાર્ડા કૉલેજમાં "નશામુક્ત ભારત" અભિયાન અંતર્ગત નશામુક્તિ શપથ કાર્યક્રમ યોજાયો



નવસારી એસ.બી.ગાર્ડા કૉલેજમાં એન.એસ.એસ. વિભાગ અને આઈ.ક્યુ.એ.સેલના સંયુક્ત ઉપક્રમે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ તા. ૨૪/૧૧/૨૦૨૫ના રોજ 'નશામુક્ત ભારત' અભિયાન અંતર્ગત નશામુક્તિ શપથ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વધુમાં વધુ યુવાઓ અભિયાનમાં જોડાય અને પોતે તથા મિત્રો, પરિવાર અને સમગ્ર સમાજ નશામુક્ત બને તે માટે એન.એસ.એસ.પ્રોગ્રામ ઑફિસર શ્રી કિશોરભાઈ પટેલે નશામુક્તિના શપથ લેવડાવ્યા હતા. જેમાં કૉલેજના NSSના સ્વયંસેવકો તથા NSS પ્રોગ્રામ ઓફિસરો ડૉ. રાધાબેન ગૌતમ અને શ્રીમતી હેતલબેન નાયક ઉપસ્થિત રહ્યા હતા.

## 'સંવિધાન દિવસ'ની ઉજવણી અંતર્ગત શપથ કાર્યક્રમ





નવસારી એસ.બી.ગાર્ડા કૉલેજમાં એન.એસ.એસ. વિભાગ અને આઈ.ક્યુ.એ.સેલના સંયુક્ત ઉપક્રમે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબના માર્ગદર્શન હેઠળ તા. ૨૬/૧૧/૨૦૨૫ના રોજ 'સંવિધાન દિવસ' અંતર્ગત શપથ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ સાહેબે ભારતના બંધારણ અંગે માહિતી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં NSS પ્રોગ્રામ ઑફિસર શ્રીમતી હેતલબેન નાયકે સંવિધાન અંગે વિદ્યાર્થીઓ પાસે શપથ લેવડાવ્યા હતા. જેમાં કૉલેજના NSSના સ્વયંસેવકો તથા કૉલેજના અન્ય અધ્યાપકો પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ શ્રીમતી હેતલબેન નાયકે કરી હતી.

# શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયા.

## સરદાર પટેલ જયંતિ (રાષ્ટ્રીય એકતા દિવસ) ઉજવણી અંતર્ગત ઓનલાઈન ક્વિઝનું આયોજન

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયાના ઇ.ચા. આચાર્ય પ્રા. ડૉ. નિયતિ બી. ભટ્ટના માર્ગદર્શન હેઠળ અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા સરદાર પટેલ જયંતિ (રાષ્ટ્રીય એકતા દિવસ) ઉજવણી અંતર્ગત ઓનલાઈન ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઓનલાઈન ક્વિઝમાં સરદાર વલ્લભભાઈ પટેલના જન્મ, તેમના વિચારો તેમનું રાષ્ટ્ર માટે યોગદાન, રાષ્ટ્રીય એકતા દિવસ વગેરે મુદ્દાઓ પર આધારિત પ્રશ્નો રાખવામાં આવ્યા હતા. આ ઓનલાઈન ક્વિઝમાં કૉલેજના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ મળીને કુલ ૧૧૯ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ ક્વિઝનું આયોજન અને સંચાલન અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ અને શિતલ ડી. મિસ્ત્રીએ કર્યુ હતું.

## વંદે માતરમ રાષ્ટ્રગીતનું સમુહગાન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલિયામાં સવિનય જણાવવાનું કે, ગુજરાત સરકારના પરિપત્ર ક્રમાંકઃ ઓફટી/૧૦૨૦૨૧/૫૭૭/ઘ સચિવાલય ગાંધીનગરના અનુસંધાને તા. ૦૭/૧૧/૨૦૨૫ના રોજ કૉલેજનો સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા વંદે માતરમ રાષ્ટ્રગીતનું સમુહગાન કરવામાં આવ્યું. આ વંદે માતરમ ગીતની ૧૫૦મી ઉજવણી નિમિત્તે કૉલેજના NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. રાજ સાહેબે આ રાષ્ટ્રગીતનું મહત્ત્વ સમજાવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા અને સ્વદેશી વસ્તુ વાપરવા માટે કૉલેજના સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓને શપથ લેવડાવ્યા હતા. આ પ્રોગ્રાનું આયોજન પ્રિન્સિપાલ ડૉ. નિયતિબેન ભટ્ટ અને NSS વિભાગે કર્યુ હતું.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-11-2025 to 30-11-2025

| Detail | Description | Nov.-2025 | |
|---|---|---|---|
| User | Visitors | 2460 | |
| | Internet Lab User | 45 | |
| Registered Members | BoM/EC Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 52 | |
| | Research Scholars | 17 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 4 | |
| | E-resource User | 714 | |
| | Total | | 3292 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| November-2025 | 341 | 321 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | November-2025 | 10 |

Sources: Ms. Namrata Shingodawala, Lab Assistant, Computer Lab.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | November-2025 | 11 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | November-2025 | 10 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ **e-mail: dakshinayan@vnsgu.ac.in**

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE **www.vnsgu.ac.in**